આપણી આસપાસની આર્થિક પ્રવૃત્તિઓ

પ્રકરણ 14

“આર્થિક પ્રવૃત્તિ જ સમૃદ્ધિ લાવે છે, તેની ઉણપ ભૌતિક તણાવ પેદા કરે છે. ફળદાયી આર્થિક પ્રવૃત્તિનો અભાવ વર્તમાન સમૃદ્ધિ અને ભાવિ પ્રગતિ માટે અવરોધક બને છે.”

– કૌટિલ્ય (અર્થશાસ્ત્ર)

મહત્ત્વપૂર્ણ પ્રશ્નો

1. આર્થિક પ્રવૃતિઓ કેવી રીતે વર્ગીકૃત કરવામાં આવે છે ?
2. આ પ્રવૃત્તિઓને વિવિધ ક્ષેત્રોમાં કેવી રીતે વર્ગીકૃત કરશો ?
3. ત્રણેય ક્ષેત્રો એકબીજા સાથે કેવી રીતે જોડાયેલાં છે ?

F5R4K1

પરિચય

પ્રકરણ 13માં આપણે બે પ્રકારની પ્રવૃત્તિઓ વિશે શીખ્યા - આર્થિક અને બિન-આર્થિક. **નાણાંકીય મૂલ્ય** સર્જતી પ્રવૃત્તિઓને આર્થિક પ્રવૃત્તિઓ કહેવામાં આવે છે. આપણે બિન-આર્થિક પ્રવૃત્તિઓના મહત્ત્વ વિશે પણ શીખ્યાં. આ પ્રવૃત્તિઓને વધુ સારી રીતે સમજવા માટે આપણે આ પ્રકરણમાં આર્થિક પ્રવૃત્તિઓને કેવી રીતે વર્ગીકૃત કરવામાં આવે છે અને તેમાં શું તફાવત છે ? તે શીખીશું.

નાણાંકીય મૂલ્ય: કોઈ વસ્તુનું એવું મૂલ્ય, જેને નાણાંના સંદર્ભમાં માપી શકાય.



દાયકાઓથી, આર્થિક પ્રવૃત્તિઓની સંખ્યામાં ખૂબજ વધારો થયો છે. ઉદાહરણ તરીકે અગાઉ મોટાભાગના લોકો ખેતી, પશુપાલન, ઓજારોનું ઉત્પાદન, માટીકામ, કાપડ વણાટ જેવી પ્રવૃત્તિઓમાં સંકળાયેલાં હતાં. જેમ જેમ સમાજ પ્રગતિ કરતો ગયો તેમ તેમ, આર્થિક પ્રવૃત્તિઓની સંખ્યામાં પણ મોટો વધારો થયો, જેના દ્વારા લોકો પોતાની આજીવિકા મેળવે છે.

આજે વિવિધ આર્થિક પ્રવૃત્તિઓ છે જેવી કે કમ્પ્યૂટર, મોબાઈલ ફોન અને ડ્રોનનું ઉત્પાદન, બેંકો, શાળાઓ અને હોટલોમાં કામ કરવું, પરિવહન માટે વિવિધ પ્રકારનાં વાહનો ચલાવવા, ફર્નિચર બનાવવું, મશીનનો ઉપયોગ કરીને કપડાં સીવવાં, સોફ્ટવેર બનાવવાં, રેફ્રિજરેટર્સ અને વોશિંગ મશીનનું રીપેરીંગ વગેરે. આ બધી પ્રવૃત્તિઓનું વર્ગીકરણ કરવાથી તે કેવી રીતે કાર્ય કરે છે અને એકબીજા સાથેનું તેમનું જોડાણ સમજવામાં આપણને મદદરૂપ થાય છે.

આર્થિક પ્રવૃત્તિઓનું આર્થિક ક્ષેત્રોમાં વર્ગીકરણ

કેટલીક આર્થિક પ્રવૃત્તિઓ સમાન લાક્ષણિકતાઓ ધરાવે છે અને તેના આધારે તેમને એક જૂથમાં વર્ગીકરણ કરી શકાય છે અથવા તે આર્થિક પ્રવૃત્તિઓને **આર્થિક ક્ષેત્રો**ના જૂથોમાં વર્ગીકરણ કરી શકાય છે. જેમ કે, પ્રાથમિક, દ્વિતીય અને તૃતીય આ ત્રણ મુખ્ય ક્ષેત્રો છે.

આર્થિક ક્ષેત્રો : વ્યાપક જૂથો કે જેમાં વિવિધ પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે જે રાષ્ટ્રની આર્થિક સમૃદ્ધિમાં સહાયક છે.

પાના નં.-197 પર આ ત્રણેય ક્ષેત્રોના વર્ગીકરણ હેઠળની વ્યાપક પ્રવૃત્તિઓ દર્શાવેલ છે.

A. પ્રાથમિક ક્ષેત્રની પ્રવૃત્તિઓ

જે આર્થિક પ્રવૃત્તિઓમાં લોકો વસ્તુઓના ઉત્પાદન માટે પ્રકૃતિ પર સીધો આધાર રાખે છે, તેને **પ્રાથમિક પ્રવૃત્તિઓ** અથવા **પ્રાથમિક ક્ષેત્રની આર્થિક પ્રવૃત્તિઓ** તરીકે ઓળખવામાં આવે છે.

પ્રાથમિક ક્ષેત્રો : ખેતી, માછીમારી, વન ઉત્પાદન વગેરે આ પ્રવૃત્તિઓમાં કુદરતી રીતે મળતા કાચામાલનો ઉપયોગ થાય છે.

આર્થિક પ્રવૃત્તિઓનું વર્ગીકરણ
આર્થિક ક્ષેત્રોમાં

પ્રાથમિક ક્ષેત્ર	દ્વિતીય ક્ષેત્ર	તૃતીય ક્ષેત્ર
 ખેતી	 બાંધકામ	 આરોગ્ય સેવા
 ખનન પ્રવૃત્તિ	 ઉત્પાદન	 વેપાર અને માલવહન
 માછીમારી	 પાણી પુરવઠો	 સંચાર
 પશુ-પક્ષી ઉછેર	 સૌર ઊર્જા	 બેંકિંગ
 વન-ઉત્પાદન	 વિદ્યુત ઉત્પાદન	 પરિવહન

ઉદાહરણ તરીકે, ખેતરોમાં અનાજ અને શાકભાજી ઉગાડવાં, જંગલોમાંથી લાકડું એકઠું કરવું, ખાણોમાંથી ખનીજ અને કોલસો કાઢવો, મત્સ્યઉદ્યોગમાં માછલીઓ, મરઘાં ફાર્મમાંથી ઈંડાં મેળવવા વગેરે જેવાં કામો પ્રાથમિક ક્ષેત્રની આર્થિક પ્રવૃત્તિઓ છે. સૌથી સામાન્ય પ્રાથમિક પ્રવૃત્તિઓમાં ખેતી, ખનનપ્રવૃત્તિ, માછીમારી, પશુ-પક્ષી ઉછેર, વનીકરણ વગેરેનો સમાવેશ થાય છે. નીચે પ્રાથમિક ક્ષેત્રની કેટલીક પ્રવૃત્તિઓ છે.



ગ્રીનહાઉસ ખેતી



ખનિજ ખનન



મત્સ્ય પાલન



વન ઉત્પાદન



પશુપાલન

ચાલો, વિચારીએ

શું તમે જોયેલી કોઈપણ પ્રાથમિક પ્રવૃત્તિઓ વિશે વિચારી શકો છો ? આ પ્રવૃત્તિઓમાં કુદરતી સંસાધનોનો ઉપયોગ કયાં થાય છે ? તેમાંથી કોઈપણ બેનાં નામ આપો અને તમારા મિત્રો સાથે તમારા અનુભવોની ચર્ચા કરો.

1.

2.

B. દ્વિતીયક ક્ષેત્રની પ્રવૃત્તિઓ

એવી આર્થિક પ્રવૃત્તિઓ કે જેમાં લોકો પ્રાથમિક ક્ષેત્રનાં ઉત્પાદન પર નિર્ભર હોય છે અને તેને તૈયાર માલમાં રૂપાંતરિત કરે છે. તેને **દ્વિતીયક પ્રવૃત્તિઓ** અથવા **ગૌણક્ષેત્રની આર્થિક પ્રવૃત્તિઓ** તરીકે ઓળખવામાં આવે છે. તેમાં ઇમારતો, રસ્તાઓ વગેરેનું નિર્માણ અને પાણી, વીજળી, ગેસ જેવી અન્ય સુવિધાઓ પૂરી પાડવાનો સમાવેશ થાય છે. તેમાં પ્રાથમિક ક્ષેત્રમાંથી કાચામાલને પ્રક્રિયા કરીને વેચી શકાય છે અથવા વધુ વપરાશમાં લઈ શકાય છે. દ્વિતીયક ક્ષેત્રની પ્રવૃત્તિઓનાં કેટલાંક ઉદાહરણોમાં આટા મિલોમાં અનાજમાંથી લોટ બનાવવાની પ્રક્રિયા, મગફળીમાંથી તેલ કાઢવું અને ચાના પાદડાંમાંથી ચા પત્તી બનાવવાની પ્રક્રિયાનો સમાવેશ થાય છે. એ જ રીતે જંગલમાંથી મળતા લાકડાનું ફર્નિચર અને કાગળ બનાવવા, કપડાં બનાવવા માટે કપાસ અને લોખંડની કાચી ધાતુમાંથી પોલાદનો ઉપયોગ કાર, ટ્રક વગેરે જેવાં વાહનો બનાવવા માટે થાય છે.

દ્વિતીયક ક્ષેત્ર: પ્રવૃત્તિઓનું એવું જૂથ કે જેમાં પ્રાથમિક ક્ષેત્રમાંથી મેળવેલા કાચા માલને વેચાણ અથવા વપરાશ માટેના ઉત્પાદનોમાં પ્રક્રિયા કરવાનો સમાવેશ થાય છે.



ઓટોમોબાઈલ ફેક્ટરી



ટેક્ષટાઈલ ફેકટરી



ફાર્માસ્યુટિકલ ફેક્ટરી



ફર્નિચર ઉત્પાદન એકમ



ચૂકશો નહીં

ઓટોમોબાઈલ્સના પ્રકારો	2022 માં ભારતમાં ઉત્પાદિત એકમોની સંખ્યા
કાર જેવાં પેસેન્જર વાહનો	45 લાખ
ટ્રક જેવાં વ્યાપારી વાહનો	10.3 લાખ
ત્રણ પૈડાવાળાં વાહનો (Three wheelers)	8.6 લાખ
બે પૈડાવાળાં વાહનો (Two wheelers)	2 કરોડ

(સ્રોત: સોસાયટી ઓફ ઇન્ડિયન ઓટોમોબાઇલ મેન્યુફેક્ચરર્સ, https://www.siam.in/statistics.aspx?mpgid=8&pgidtrail=13)



ચાલો, શોધીએ

હવે જ્યારે આપણે દ્વિતીય ક્ષેત્રની પ્રવૃત્તિઓનાં કેટલાંક ઉદાહરણો જોયા છે, ત્યારે શું તમે તે ક્ષેત્રની વધુ બે આર્થિક પ્રવૃત્તિઓનાં નામ આપી શકશો?

1.

2.

C. તૃતીય પ્રવૃત્તિઓ/સેવાક્ષેત્ર

જે આર્થિક પ્રવૃત્તિ પ્રાથમિક અને દ્વિતીય પ્રવૃત્તિમાં રોકાયેલા લોકોને સહાયરૂપ બને તેને **તૃતીયક્ષેત્રની આર્થિક પ્રવૃત્તિ કે સેવાક્ષેત્ર** કહે છે. આમાં એવી સેવાઓનો સમાવેશ થાય છે જે આપણે જોઈ શકતા નથી પરંતુ તે ખૂબ જ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ઉદાહરણ તરીકે ટ્રકનો ડ્રાઈવર અનાજ અને શાકભાજીને ખેતરમાંથી ફેકટરી અથવા બજારમાં લઈ જાય છે (વાહન વ્યવહારની સેવા).

ફળ અથવા શાકભાજી વિક્રેતાઓ ખેત પેદાશો ગ્રાહકોને વેચે છે. એ જ રીતે ડૉક્ટર, નર્સ, શિક્ષક, વકીલ, અને પાઈલટ જેમને જરૂર હોય તેમને તેમની સેવાઓ પૂરી પાડે છે. એવા ટેક્નિશિયનો જે મોબાઈલ ફોન અને ટેલિવિઝન જેવી ઈલેક્ટ્રોનિક વસ્તુઓનું રીપેરીંગ કરે છે, મિકેનિક કાર અને ટ્રેકટર જેવાં વાહનોનું રીપેરીંગ કરે છે અને ઈલેક્ટ્રિશિયન વીજળી પુરવઠો સુનિશ્ચિત કરે છે. તેમની સેવાઓ આપણાં જીવનને સરળ બનાવે છે. તે જ રીતે મોબાઈલ અને ઈન્ટરનેટ દ્વારા સંચાર સેવાઓ, સૉફ્ટવેર ડેવલપમેન્ટ, હોટેલ, રેસ્ટોરાં, બેંક, શાળા, હોસ્પિટલ, એરપોર્ટ, દુકાન, **ગોદામ** (ગોડાઉન) વગેરે સેવાઓ એ તૃતીય ક્ષેત્રની આર્થિક પ્રવૃત્તિઓનાં ઉદાહરણો છે. આ ક્ષેત્રને **સેવાક્ષેત્ર** પણ કહેવામાં આવે છે.

તૃતીય ક્ષેત્ર : એવી પ્રવૃત્તિઓ જેમાં પ્રાથમિક અને દ્વિતીય ક્ષેત્રોમાં સહાય કરનારી સેવાઓનો સમાવેશ થાય છે. જેમકે, પરિવહન, બેંકીંગ, વ્યવસ્થાપન વગેરે

ગોદામ : ઉત્પાદનને વેચતા પહેલાં કે ઉપયોગમાં લેતા પહેલા કે વસ્તુઓને ભાડે આપતા પહેલા તેને સંગ્રહિત કરવા માટેની જગ્યા.



સોફ્ટવેર ડેવલપમેન્ટ



રેસ્ટોરાં સેવાઓ



હવાઈમથકો પર સેવાઓ



રિટેલ સ્ટોર્સ

આર્થિક ક્ષેત્રો વચ્ચે પરસ્પરાવલંબન

ત્રણેય પ્રકારની આર્થિક પ્રવૃત્તિઓ અથવા આર્થિક ક્ષેત્રો કુદરતી કાચામાલને અંતિમ વપરાશ માટે તૈયાર ઉત્પાદનોમાં રૂપાંતરિત કરવાની પ્રક્રિયામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ચાલો આપણે ગુજરાતના આણંદ જિલ્લાના એક ગામમાં એક કાલ્પનિક પ્રવાસ પર જઈએ જ્યાં આપણે એક રસપ્રદ ઉદાહરણનો અભ્યાસ કરીશું. જેમાં આપણે સમજીશું કે, ત્રણેય ક્ષેત્રો કેવી રીતે એકબીજા સાથે જોડાયેલા છે અને એકબીજાને પૂરક છે.

સહકારી ડેરી : ખેતરથી થાળી સુધી

આજકાલ, ગુજરાતના ખેડૂતો સવારે વહેલા જાગીને દૂધની ડોલના ટકરાવાનો અને તેમની - ગાય અથવા ભેંસના રેંકવાનો અવાજ સાંભળે છે. ખેડૂતો અને તેમના પરિવારોના જીવનમાં ગાયનું વિશેષ સ્થાન છે. ખેડૂતો ગાયોનું દૂધ દોહીને નજીકની **ડેરી**માં વેચે છે. મહિનાના અંતે, તેમને દૂધના જથ્થા અને ગુણવત્તાના આધારે રકમની ચૂકવણી કરવામાં આવે છે. જો કે લગભગ 50 વર્ષ પહેલાં આવું નહોતું.

આણંદ મિલ્ક યુનિયન લિમિટેડ (AMUL-અમૂલ) નામની દૂધ સહકારી મંડળીની આ અદ્‌ભુત વાર્તા છે. 1940 ના દાયકાની શરૂઆતમાં, આણંદ જિલ્લાના ખેડૂતો આસપાસના ગામોમાં દૂધ વેચતા હતા. તેમને કાળઝાળ ગરમીમાં નજીકના ગામોમાં દૂધ વેચવા માટે સાયકલ ચલાવીને જવું પડતું. તમે જાણો છો તેમ, ગરમ હવામાનમાં દૂધ ખૂબ જ ઝડપથી બગડી જાય છે.

ડેરી : એક એવી જગ્યા જ્યા દૂધ એકત્ર કરીને તેનો સંગ્રહ કરવામાં આવે છે.

ખેડૂતોએ દૂધ બગડે તે પહેલાં તેને ઝડપથી વેચવું પડતું હતું. તેઓ જે નાની રકમ કમાતા તેના માટે કઠોર પરિશ્રમ કરતા. તેઓ વચેટિયા તરીકે ઓળખાતા લોકો પર આધાર રાખતા હતા. જેઓ ખેડૂતો પાસેથી નજીવા ભાવે જથ્થાબંધ દૂધ ખરીદતા હતા અને તેને બજારમાં વેચતા હતા. ઘણી વખત વચેટિયાઓ દ્વારા ખેડૂતોની છેતરપીંડી અને હેરાનગતિ થતી હતી.

એક દિવસ ખેડૂતોએ તેમની સમસ્યાઓ સાથે સરદાર વલ્લભભાઈ પટેલનો સંપર્ક કર્યો. તેમણે તેમને સ્વતંત્ર બનવા અને **વચેટિયા**ઓ પર આધાર રાખવાનું બંધ કરવા **સહકારી મંડળી** રચવાની સલાહ આપી. એક સહકારી મંડળી તરીકે, ખેડૂતો દૂધ એકત્રીકરણ, પ્રક્રિયા અને વિતરણની સંપૂર્ણ કામગીરી કાળજી પૂર્વક સ્વયં એક જૂથ તરીકે દૂધની ખરીદી અને વેચાણ કરી શકશે. ખેડૂતોએ સરદાર પટેલની સલાહ માની લીધી.



અમૂલની સ્થાપના 1946માં ત્રિભુવનદાસ પટેલ (વકીલ અને સ્વાતંત્ર્ય સેનાની) અને ડૉ. વર્ગીસ કુરિયન (મુંબઈમાં ડેરીની ફેક્ટરીમાં કામ કરતા એન્જિનિયર)ના નેતૃત્વ હેઠળ કરવામાં આવી હતી.



વર્ગીસ કુરિયન (ડાબે) અને ત્રિભુવનદાસ પટેલ (જમણે)

સહકારી મંડળી : લોકોનું એક જૂથ કે જેઓ સ્વેચ્છાએ તેમની આર્થિક અને સામાજિક જરૂરિયાતોને ઔપચારિક રીતે પૂર્ણ કરવા માટે એકઠા થાય છે. તેઓ સહકારી સંસ્થાઓની માલિકી ધરાવે છે અને સભ્યો દ્વારા સામૂહિક રીતે નિર્ણયો લેવામાં આવે છે.

વચેટિયાઓ : જે લોકો ઉત્પાદકો પાસેથી માલ ખરીદે છે અને ગ્રાહકોને વેચે છે. વચેટિયાઓ આ સેવાથી આર્થિક ફાયદા લે છે.

આ પહેલથી મહિલાઓ અને ખેડૂતો એકસાથે આવ્યા અને તેમને દૂધના ઉત્પાદન અને વેચાણ પર નિયંત્રણ મળ્યું. સામૂહિક રીતે દૂધના ઉત્પાદન, **પેશ્ચ્યુરાઈઝેશન** અને વેચાણ જેવી તમામ બાબતો અંગે પોતે નિર્ણયો લીધા અને આ કામગીરી સૌમાં વહેંચી દેવાઈ. જેનાથી તેમની આવક ધીમે ધીમે વધી. તેમને હવે વચેટિયાઓની જરૂર નહોતી અને તેઓ એક મોટા પરિવાર જેવા બની ગયા. જેમ જેમ ખેડૂતોને સહકારી ક્ષેત્રમાં લાભો દેખાવા લાગ્યા તેમ તેમ તેનો વ્યાપ વધતો ગયો. મોટા જથ્થામાં દૂધ એકત્ર થવા લાગ્યું હતું.





ખેડૂતોએ તેમાંથી અન્ય ઉત્પાદનો બનાવવાનું નક્કી કર્યું. તેઓએ આણંદમાં એક **ફેક્ટરી** સ્થાપી જેમાં માખણ અને દૂધનો પાવડર બનાવવાનું શરૂ કર્યું.

આજે આ સહકારી ડેરી પાસે સમગ્ર ભારતમાં ઘણા દૂધ પ્રોસેસિંગ પ્લાન્ટ્સ અને ફેક્ટરીઓમાં બનેલા ડેરી ઉત્પાદનોની વિશાળ શ્રેણી છે. તમે થોડાં નામ આપી શકશો? ત્યારબાદ આ ઉત્પાદનોનું સમગ્ર દેશમાં નાની-મોટી દુકાનોમાં **છૂટક વેચાણ** કરવામાં આવે છે. હકીકતમાં તેઓ વિશ્વના ઘણા દેશોમાં ઉત્પાદનોની **નિકાસ** પણ કરે છે. શું તે આશ્ચર્યજનક નથી ?

આ રસપ્રદ વાર્તામાં સહકારી મંડળીના ખેડૂતો તેમની ગાયોનું દૂધ દોહીને દૂધ વેચવા માટે આપે છે. આ પ્રકારની આર્થિક પ્રવૃત્તિને પ્રાથમિક ક્ષેત્રની આર્થિક પ્રવૃત્તિ કહેવામાં આવે છે, કારણ કે આ ઉત્પાદન (દૂધ) સીધા કુદરતી સ્રોત (ગાય/પશુધન)માંથી મેળવવામાં આવે છે.

પેશ્ચ્યુરાઇઝેશન: એક પ્રક્રિયા જેના દ્વારા દૂધને ચોક્કસ તાપમાને ગરમ કરીને સાચવવામાં આવે છે. જેથી હાનિકારક બેકટેરિયાનો નાશ થાય છે.

ફેક્ટરી : જ્યાં ચીજવસ્તુઓનું ઉત્પાદન અથવા વિવિધ ઘટકો એકત્ર કરીને અંતિમ ઉત્પાદન બનાવી શકાય.

છૂટક વેચાણ (Retail) : ગ્રાહકના ઉપયોગ માટે ઓછી માત્રામાં થતું માલ સામાનનું વેચાણ જેનો હેતુ પુનઃ વેચાણ નથી.

નિકાસ : ચીજવસ્તુઓ અને સેવાઓ એક દેશમાં ઉત્પાદિત થાય છે અને બીજા દેશમાં ગ્રાહકોને વેચવામાં આવે છે.

ત્યારબાદ દૂધને એક સ્વરૂપ (પ્રવાહી)માંથી બીજા સ્વરૂપ (દૂધ પાવડર, ઘી, ચીઝ, માખણ વગેરે)માં પ્રક્રિયા કરવામાં આવે છે. આ આર્થિક પ્રવૃત્તિઓને દ્વિતીય(ગૌણ) ક્ષેત્રની આર્થિક પ્રવૃત્તિઓ કહેવામાં આવે છે.



અમૂલ તેનાં બનાવેલ તમામ ઉત્પાદનોનું શું કરે છે ? તે તેમને વિવિધ સ્થળોએ વેચે છે. અમૂલ તેનાં ઉત્પાદનોનાં પરિવહન માટે ટેન્કર અને ટ્રક તેમજ રેલવે, હવાઈ અને શિપિંગ સેવાઓનો ઉપયોગ કરે છે. તેણે રિટેલ દુકાનો (અમૂલ પાર્લર) સ્થાપી છે અને સમગ્ર ગુજરાતમાં તેમજ સમગ્ર ભારતમાં વિવિધ રાજ્યો, નગરો, શહેરો અને ગામડાઓમાં અન્ય દુકાનોમાં દૂધ અને દૂધ ઉત્પાદનોનો પૂરાં પાડે છે. અહીં, પરિવહન, વેપાર અને છૂટક વેચાણ એ તૃતીય પ્રવૃત્તિ છે. જેને સેવાક્ષેત્ર પણ કહે છે.



ચૂકશો નહીં

અમૂલની જેમ જ કર્ણાટકની નંદિની, દિલ્હી-NCRની મધર ડેરી, તમિલનાડુની અવિન, આંધ્રપ્રદેશની વિજયા, નાગાલેન્ડની કેવી, બિહારની સુધા, પંજાબની વેરકા વગેરે જેવી બ્રાન્ડ હેઠળ અન્ય ઘણી દૂધ સહકારી સંસ્થાઓ છે. તમે તમારી આસપાસ એક એવી સહકારી સંસ્થાનું નામ આપો કે જેણે ખેડૂતો, વિકલાંગ વ્યક્તિઓ અને મહિલાઓ જેવાં જૂથોને સંગઠિત કરવામાં મદદ કરી છે અને તેમના જીવનમાં સમૃદ્ધિ લાવી છે.

નીચેના ચિત્રોની મદદથી ચાલો જોઈએ કે તમે જે પુસ્તકોનો અભ્યાસ કરો છો તે કેવી રીતે બનાવવામાં આવે છે ? આ ચિત્રો પલ્પ (વૃક્ષના લાકડાના રેસા)નું કાગળમાં અને છાપ્યા પછી પાઠ્યપુસ્તકોમાં રૂપાંતર દર્શાવે છે.



આકૃતિ 14.1

આ ત્રણેય ક્ષેત્રો સાથે મળીને કામ ન કરતાં હોત તો ઝાડમાંથી માવો બનાવીને કાગળ બનાવવા અને અંતે પુસ્તકો છાપવા સુધીની કોઈપણ પ્રવૃતિઓ પ્રક્રિયાનો ભાગ ન બની શકી હોત (પરસ્પરાવલંબન).

ચાલો, વિચારીએ

આકૃતિ 14.1માં પાના નં.-206 પર દર્શાવેલી પ્રક્રિયાના વિવિધ તબક્કાઓનું અવલોકન કરો અને તમારા મિત્રો સાથે તેની ચર્ચા કરો.

ચાલો, શોધીએ

પાના નં.-206 પર આકૃતિ 14.1માં દર્શાવેલા આકૃતિની નીચે આપેલ ખાલી જગ્યામાં તેની પ્રવૃત્તિ મુજબ લાગુ પડતાં ક્ષેત્રોના નામ લખો.

1. પ્રાથમિક ક્ષેત્ર
2. દ્વિતીય ક્ષેત્ર
3. તૃતીય ક્ષેત્ર

ચૂકશો નહીં

આજકાલ, નવા કાગળ બનાવવા માટે વપરાયેલા કાગળને રિસાયકલ કરવામાં આવે છે. માત્ર એક ટન કાગળના રિસાયકલિંગથી 17 વૃક્ષોની બચત થાય છે. તથા તે કચરો ન થવાથી 2.5 ક્યુબિક મીટર લેન્ડફિલની જગ્યા પણ બચી જાય છે. લાકડાના પલ્પમાંથી નવા કાગળ બનાવવા કરતાં કાગળને રિસાયકલ કરવા માટે 70 ટકા ઓછી ઊર્જા અને પાણીની જરૂર પડે છે.



એવી કઈ જુદી જુદી રીતો છે કે જેના દ્વારા આપણે શાળાના વર્ગખંડો અને ઓફિસોમાં કાગળનો કરકસરપૂર્વક ઉપયોગ કરી શકીએ ?

ચાલો, શોધીએ



તમારી આસપાસની આર્થિક પ્રવૃત્તિઓની યાદી બનાવો અને તેમને યોગ્ય રીતે પ્રાથમિક, દ્વિતીય (ગૌણ) અથવા તૃતીયક્ષેત્ર તરીકે નોંધ કરો. તેઓ એકબીજા સાથે કેવી રીતે જોડાયેલાં છે તે દર્શાવો. તેઓ કઈ રીતે એકબીજા પર નિર્ભર છે ? જો એક પ્રવૃત્તિનું અસ્તિત્વ ન રહે તો શું થાય?



આપણે આગળ વધીએ તે પહેલાં...

- આ પ્રકરણમાં આપણે આર્થિક પ્રવૃત્તિઓનાં ત્રણ ક્ષેત્ર વિશે શીખ્યાં.
- વિવિધ ઉદાહરણો અને દૃષ્ટાંતોએ પ્રાથમિક, દ્વિતીય અને તૃતીય એમ ત્રણ પ્રકારની આર્થિક પ્રવૃત્તિઓ અથવા ક્ષેત્ર વચ્ચેના તફાવત તેમજ પરસ્પર નિર્ભરતા સમજવામાં મદદ કરી.

પ્રશ્નો, પ્રવૃત્તિઓ અને પ્રોજેક્ટ

1. પ્રાથમિક ક્ષેત્ર શું છે ? તે દ્વિતીય (ગૌણ) ક્ષેત્રથી કેવી રીતે અલગ છે ? બે ઉદાહરણ આપો.
2. દ્વિતીય (ગૌણ) ક્ષેત્ર તૃતીયક્ષેત્ર પર કેવી રીતે નિર્ભર છે ? થોડાં ઉદાહરણો સાથે સમજાવો.
3. પ્રાથમિક, દ્વિતીય (ગૌણ) અને તૃતીયક્ષેત્રો વચ્ચે પરસ્પર નિર્ભરતાનું ઉદાહરણ આપો. તેને ક્રમિક રીતે દર્શાવો.